# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૮ • તા.૨૨ થી ૨૮ ઓક્ટોબર ૨૦૨૨




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પર્વોમાં મહાપર્વ દીપાવલી

દિવાળી અમાસના, અંધકારમાં આવતો તહેવાર છે. છતાં સૌના હૈયામાં ઉત્સાહ ઉલ્હાસ, ઉમંગના અજવાસ પથરાય છે. દિવાળીએ એક દિવસનો તહેવાર નથી. એક સાથે સળંગ પાંચ દિવસ પાંચ તહેવાર પર્વનો સમૂહ મહાપર્વ છે. એકાદશી વાકબારસ, ધનતેરસ, કાળી ચૌદશ અને દિવાળી. આમ પંચક વર્ષનો ઝૂમખો એટલે દીપોત્સવી મહાપર્વ.

દિવાળી હિંદુ ધર્મ, સંસ્કૃતિનો મોટો તહેવાર છે. ચૌદ વરસના વનવાસ પછી રાવણ વધ કરી અયોધ્યા પાછા આવ્યા. આ ખુશાલીમાં અયોધ્યા વાસીઓ ઘરઘરમાં આંગણ, ચોક, ગલી રસ્તાઓમાં તોરણ-પતાકા, ધજા લહેરાવી અને દીપ પ્રગટાવી ખુશીનો ભાવ વ્યક્ત કર્યો. આતશબાજી કરી રાતના અંધકારને અજવાળી. આ પરંપરા આજ પર્યંત જળવાઈ રહી છે.

દિવાળી વિક્રમ સંવતના આખરે આવતો તહેવાર છે. છતાં ખુશી, આનંદ અને હર્ષ વ્યક્ત કરી ઉજવાતો તહેવાર છે. દિવાળીના બીજા દિવસે નવા વિક્રમ સંવત વર્ષની શરૂઆત થાય છે. નવો વરસ નવી ઉમંગ, નવ આશા સાથે વીતે એવી શ્રધ્ધા વ્યક્ત થતી હોય છે. દિવાળી પર્વમાં ગણેશજી, માતા સરસ્વતી અને મહાલક્ષ્મીનું પૂજન કરવાની પરંપરા છે. લેખક, સાહિત્ય કારો, વિદ્યાર્થીઓ માતા સરસ્વતીની આરાધના કરે છે. વ્યાપારીઓ ચોપડાપૂજન દ્વારા શારદામાતાની, ધનપૂજન કરી મહાલક્ષ્મીની ભક્તિ કરી આશીષ વાંછના કરે છે. પ્રત્યેક સંસારિક પરિવારિક વ્યક્તિ રિદ્ધિ-સિદ્ધિ, સુખ શાંતિ આરોગ્યની કામના કરે એ સહજ છે. આખું વરસ સુખરૂપ વીતે એવી ઈચ્છા ધરાવે છે.

પરિવાર વડીલો દિવાળી પર્વને ઉત્સવની જેમ ઉજવે છે. નાના મોટા સૌ સાથે હળી મળી સુમેળથી, આનંદ ઉમંગથી, રીત રિવાજ સાથે પરંપારિક રીતે ઉજવાય એનું ધ્યાન રાખે છે. તો નાના બાળકો વેકેશનની મોજ અભ્યાસનો બોજ રાખ્યા વગર વિવિધ મીઠાઈ પકવાનો આરોગી મોજ માણે છે. દિવસ રાત આતશબાજી કરી આનંદ કરે છે. પરિવારની મહિલાઓ વિશેષ ધર્મ ધ્યાન, દેવ-દર્શન સાથે ઘર આંગણામાં દીપમાળા પ્રગટાવી, રંગોળી કરી, શુભ-લાભ અને ભલે પધાર્યાના સૂત્ર લખી મહાલક્ષ્મી પધારી પરિવારમાં સ્થિરતા કરે એવી ભાવના વ્યક્ત કરે છે.

ભારતીય સંસ્કૃતિના ઉત્સવોનો મર્મ સર્વે સુખીના સન્તુ સર્વે સન્તુ નિરામયની ભાવના વ્યક્ત કરે છે. વંચિતો, જરૂરતમંદો પણ ઉત્સવ ઉજવી શકે એ માટે આપણે તેને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આ સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીનો સૌને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આવા સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીઓ આનંદ માણે. તહેવારોની ઉજવણીની મધુરતા સૌ સાથે પ્રેમ આદર, સ્નેહના દીપક પ્રગટાવી ઉજવાય. તેનો આનંદ અનેરો હોય છે. એની પ્રતીતિ સૌને થાય એ દિવાળી પર્વનો મર્મ છે. પ્રકાશ માત્ર બ્રાહ્મરૂપે નહીં. આંતરિક પથરાય એ જરૂરી છે.

સૌ જ્ઞાતિજનોને દીપાવલીની શુભેચ્છા.

- જય જ્ઞાતિમૈયા

# સંબંધને સાચવી લેવાની કળા

આજે આપણે જોઈએ છીએ કે દરેક જ્ઞાતિ કે સમાજમાં મોટો અને વિકટ પ્રશ્ન છે સગપણ તૂટવા કે છૂટાછેડા થવા. સૌ પ્રથમ તો સંતાનોના સગપણ થાય એ માટે ઘણું મથવું પડે છે. આજે છોકરા કે છોકરીઓની પસંદગી, જીવનસાથી માટેના માપદંડ બદલાઈ ગયા છે. થોડું ઘણું પણ બંન્ને પક્ષો બાંધ છોડ કરતા નથી. જેને લીધે સંતાનોની ઉંમર વિતી જતી હોય છે.

એવું જ લગ્ન સંબંધમાં થઈ ગયું છે. જીવનભરનો સાથ કે જન્મોજન્મનો સાથ કહેવાતા આ અતૂટ બંધન આજે જાણે કાચ જેવા બટકણા થઈ ગયા છે. આજની પેઢીમાં ભણતર વધયું છે, પણ ગણતર ઘટ્યું છે. સમજણશક્તિ અને સહનશક્તિનો અભાવ પ્રર્વતે છે. બીજું મોબાઈલના ઉપયોગથી નાની નાની વાતો, ફોટા, વીડિયોની આપલે અહીંથી ત્યાં થતી રહેતી હોવાથી રજનું ગજ થઈ જાય છે. બાંધી મુઠીમાં રાખવાની વાત ખુલ્લી પડી ખાખ બની જાય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

બંન્ને પક્ષો કોઈપણ વાતનું વતેસર ન થાય એની કાળજી લેવી જોઈએ. કોઈ નાની એવી વાતનું લઈને નોક ઝોક થઈ જાય તો બને ત્યાં સુધી આ સમસ્યા વામન રહે વિકરાળ ન બને એનો ખ્યાલ રાખવો જોઈએ. જેથી સંબંધમાં ખારાશ કે ખટાશ ન આવે. યુવક-યુવતી વચ્ચેની વાત બેડરૂમ સુધીની રહે એ ખ્યાલ રાખવો જોઈએ. અગર આ વાત ડ્રોઈંગ રૂમમાં વડીલો સુધી પહોંચે ત્યારે વડીલોની આમન્યા જાળવી તેમની સલાહ, સમજણ ભરી વાતને સ્વીકારી સમાધાન સ્વીકાર સંબંધ સાચવી લેવા જોઈએ. ઘરમાં વાસણ હોય એ ખખડે એવું અગાઉ અનુભવી કહેતા પણ હવે તો વાસણ કાચના હોય છે. જેને બંન્ને પક્ષોએ સાચવવા જરૂરી છે.

આજના યુવક યુવતીઓ ઉચ્ચ અભ્યાસ કરી ડિગ્રી પ્રાપ્ત કરે છે. ઘરખમ પેકેજ મેળવવા માટે કાબેલિયત ધરાવે છે. બહોળો ફ્રેન્ડ સર્કલ ધરાવે છે. પણ જિંદગીભર જેની સાથે સાથ નિભાવવાનો છે તેની સાથે સંબંધ જાળવવામાં કેમ ફેલ થાય છે? લગ્ન એ અભ્યાસ પછીની છેલ્લીને આખરી પરીક્ષા છે. તો એ પાસ કરવાની ખેવના આજના બાળકો કેમ રાખતા નથી કે એની પ્રત્યે કેમ બેકાળજી રાખે છે.

ગણિતની દ્રષ્ટિએ એક વતા એક બે થાય છે. પણ જીવનના ગણિતમાં એક વતા એક બરોબર એક રહે છે. જે ઐકમત્ય છે અને એજ રહેવું જરૂરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સ્વાભિમાન સમિતિની ધન્વંતરિ યોજનાના સમર્થક દાતાને આવકાર




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની વડીલજનોની ચાવંત લેતી તેમના પ્રશ્નો માટે સતત સજાગ રહેતી અને તેમની હૂંફ મળે એવી કાળજી કરતી સ્વાભિમાન સમિતિની ધન્વંતરિ યોજનામાં સમર્થક તરીકે શ્રી ચીમનલાલ હંસરાજ શાહ-ધરમશી, કોઠારા નાંદેડ રૂા.૨૫ હજારનું ઉદાર અનુદાન આપી જોડાયા છે.

જ્ઞાતિ વડીલોની સેવા કરવી એ આપણો ધર્મ છે. જરૂરિયાતમંદ વરિષ્ઠ જ્ઞાતિજનોની મદદ કરવાથી જ્ઞાતિ સમાજ પ્રગતિશીલ અને વિકાસશીલ બને છે. અન્યોની મદદ માટે આપેલ સહયોગ એ ઉમદા વ્યક્તિના ચારિત્ર્યની દિવ્યતા દર્શાવે છે. દાતાશ્રીની અનુમોદના.

# ઈન્દૌર મુકામે શ્રી નવીનભાઈ હીરજી દંડના ચેરમેન પદે સંચાલિત વેરાવેલની કો.ઓ.બેંકને ત્રણ એવોર્ડ મળ્યા








તા.૧૬ ઓક્ટોબર રવિવારે મધ્યપ્રદેશના ઈન્દૌર મુકામે ભવ્ય સમારોહમાં દેશની ખ્યાતનામ સંસ્થા બેન્કિંગ ફ્રન્ટીયર મેગેઝિન દ્વારા વર્ષ ૨૦૨૨ માટે રાષ્ટ્રીય સ્તરે ૧) બેસ્ટ રીસ્ક મેનેજમેન્ટ ઈનિશિયેટિવસ ૨) બેસ્ટ ઓડિટ ઈનિશિયેટિવસ તથા ૩) બેસ્ટ ૩૬૦ ડિગ્રી કસ્ટમર વ્યુ ઈનિશિએટિવસ કેટેગરીમાં મળી કુલ્લ ૩ FCBA એવોર્ડસ, ફ્રન્ટીયર્સ ઈનકો ઓપરેટિવ બેકીંગ એવોર્ડ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને ચેરમેન ઓફ નેશનલ કમિટી ફોર ડ્રાફટિંગ ન્યુ કો.ઓ.પોલીસ શ્રી સુરેશ પ્રભુના હસ્તે શ્રી નવીનભાઈ હીરજી શાહ દંડ, લાલાના ચેરમેન પદે સંચાલિત વેરાવલ મર્કન્ટાઈલ કો.ઓ.બેંક વેરાવલને એનાયત કરવામાં આવ્યા હતા.

---

# અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે સમાજની દીકરીઓ માટે અષ્ટ દિવસીય સંસ્કાર શિબિરનું આયોજન

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા સમાજની દિકરીઓ માટે તા.૨૬ ઓક્ટોબરથી તા.૨ નવેમ્બર સુધીની અષ્ટ દિવસીય સંસ્કાર શિબિરનું આયોજન કરાયું છે. જેમાં ૧૧ થી ૨૫ વર્ષ વયની કન્યાઓ સહભાગી થશે. વન્ડર ફૂલ પ્રથમ ૫૦ ફોર્મને સ્પેશિયલ ગિફ્ટ દિકરીના જીવનને નંદનવન બનાવે એવા સબજેક્ટ પર ગુરૂદેવના પ્રવચનો થશે.

● પ્રતિદિન સવારના ૬ કલાકે Loveness Happiness Meditation ● સકલ સંઘ સાથે પ્રતિદિન પરમાત્માના વિવિધ ભક્તિ અનુષ્ઠાનો ● વેબ સીરીઝને ટક્કર લગાવે એવી રોમાંચક 'એક કહાની બેટી કી' ● બપોરે વિવિધ ગેમ શો સાથે ટેલેન્ટ શો ● સાંજે ૪ કલાકે Personality of Jainism ● સાંજે ભક્તિ સંધ્યા દિવડાની રોશની આંગી દર્શન ● ચાલો પાપથી પાછા ફરીએ... શાન ક્રિયાનો મહિમા ● રાતે સ્ટોરી અને પછી સ્વપ્ન લોકની સફરે.

ચૈત્ય પરિપાટી વંદે શાસનમ નૃત્ય, ડ્રામા, પ્રોગ્રામ, દરરોજ ગીફ્ટ, આઠ દિવસમાં આટઆટલું બધું સંસ્કાર શિબિરમાં શીખવા મળશે અને એમાંય રહેવાનું જમવાનું બધું જ સરસ. ગુરૂદેવ પણ મનગમતા.

ચાલો ચાલો દીકરીઓના ફોર્મ આજે જ ભરી લ્યો. હવે મોડું ન કરીએ. તા.૨૫ ઓક્ટોબર રાત્રે ૯ સુધી બાલિકાઓએ શિબિર સ્થાને આવી જવું. સંપર્ક : હેતલબેન-૯૮૩૩૨૧૬૧૭૮, મમતાબેન-૮૮૭૯૭૭૩૨૦૪.

## ખારેક બજાર સ્થિત શ્રી અનંતનાથ જિનાલયે પ.પૂ.ગુરૂદેવ અચલગચ્છાધિપતિ પૂ.શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના સાર્ધ શતાબ્દી જન્મ મહોત્સવ પ્રસંગે જાપ, પૂજન ભક્તિ ભાવનાનું આમંત્રણ



ખારેક બજાર, મસ્જિદ બંદરે બિરાજીત શ્રી અનંતનાથજી જિનાલયે જેમની પુનિત ગાદીની સ્થાપના થયેલ છે એવા પ.પૂ.વંદનીય ગુરૂદેવ અચલગચ્છાધિપતિ શ્રી પુંજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૧૫૦મા જન્મદિવસ કારતક સુદ ૭ રવિવાર તા.૩૦ ઓક્ટોબરના બપોરે ૩ થી ૫ કલાકે યતિવર્ય પ.પૂ.શ્રી મોતીસાગરજી મ.સા. દ્વારા આયોજિત સાર્ધ શતાબ્દિ જન્મ મહોત્સવે ભાવભર્યું આમંત્રણ છે.

પાવન નિશ્રા પ્રદાન : ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તિની પ.પૂ.સાધ્વીજી રમ્યકિરણશ્રીજી મ.સા. આદિઠાણા-૧, ચીંચબંદર ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી અમીવર્ષાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨, યતિવર્ય પ.પૂ.શ્રી મોતીસાગરજી મ.સા.

સકલ સંઘના સર્વે ભાવિકો, ગુરૂભક્તો, મહાનુભાવો, પરમ પૂજનીય શ્રધ્ધેય શ્રી ગુરૂદેવનું ઋણ અદા કરવા તેમજ તેમની કૃપાશિર્વાદ પામવા ભક્તિ, પૂજા, જાપ, ગુરૂવંદનામાં સ્નેહભર્યું આમંત્રણ સ્વીકારી નવા વર્ષના ગુરૂ આશીર્વાદનો અમૂલ્ય લાભ લેશોજી. ભક્તિ ભાવનાર્થે હંસકુમાર મૈશેરી અને શ્રી પાર્શ્વ મંડળ પધારશે, ગુરૂવંદના, આરતી બાદ પ્રસાદ પ્રભાવનાનો અમૂલ્ય લાભ.

# કચ્છના સ્થાનિક કેડીઓ સાધર્મિકોને અબડાસા, કંઠીપટની પંચતીર્થી યાત્રા માટેનું આયોજન

સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા વારાપધ્ધર તરફથી કચ્છના સ્થાનિક કેડીઓ સાધર્મિકોને રાણપરમાં તા.૩૦ તથા ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ના ધ્વજારોહણ બાદ તા.૧ તથા ૨ ફેબ્રુઆરી ૨૩ના અબડાસા તથા કંઠીપટની પંચતીર્થી યાત્રા માટે રીફંડેબલ ડિપોઝીટ રૂા.૫૦૦. તા.૩૦ જાન્યુઆરી આસપાસ કોઠારાથી રાણપુર જવા બસ સુવિધા તથા તા.૨ ફેબ્રુઆરીના આપના ગામ પરત જવાની અથવા માંડવી કે નલિયા પહોંચાડવાની વ્યવસ્થા થશે.

વધુ વિગત માટે સંપર્ક જિગ્નેશ લોડાયા-૯૮૩૩૪૩૨૨૫૧.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## સુથરી અને તેરા પાંજરાપોળને કેનેડા જૈન સમાજ તરફથી દાન મળ્યું


હેમંત શાહ

કચ્છ પંથકના અબડાસા તાલુકાની મોટી પંચતીર્થીના નગર સુથરી અને તેરાની પાંજરાપોળને કેનેડા સ્થિત જૈન ગ્રુપ ઓફ વિનપિંગ દ્વારા કુલ્લ રૂા.૭૦ હજારનું દાન જીવદયા અર્પણ માટે કરવામાં આવ્યું છે.

કેનેડાના ભારતીય સમુદાયના અગ્રણી અને મૂળ વરાડીયાના હાલે કેનેડા વસતા કચ્છી દશા જૈન જ્ઞાતિના ઉદ્યોગપતિ હેમંત એમ.શાહ લોડાયા-ગુંદરવાલાના માધ્યમથી ઉપરોક્ત બંન્ને પાંજરાપોળ પ્રત્યેકને રૂા.૩૫ હજાર, રૂા.૩૫ હજારનું દાન અપાયું છે.

આ તબક્કે શ્રી હેમંતભાઈ લોડાયા-ગુંદરવાલાએ કહ્યું કે માત્ર કેનેડા જ નહીં વિદેશ વસતા તમામ જૈન અને અન્ય ભારતીય સમુદાયના લોકો કચ્છની પાંજરાપોળ માટે આ સમયે આગળ આવે એ જરૂરી છે.

## શાશ્વતા શ્રી શત્રુંજય મહાતીર્થે સિનિયર સિટીઝન ૯૯ યાત્રામાં ૧૦૮ ફૂટ આદિનાથ દાદા સાંનિધ્યે ભક્તિ, અભિષેક અષ્ટપ્રકારી પૂજાની વીડિયો લિંક

શાશ્વતા શ્રી શંત્રુજ્ય મહાતીર્થે શ્રી આર્યરક્ષિત જૈન ધર્મ રક્ષક સંઘ આયોજિત શ્રી સિધ્ધાચલ ગુણકલા સિનિયર સિટીઝન ૯૯યાત્રા નિશ્રા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. ૧૦૮ ફૂટ આદિનાથ દાદા સાંનિધ્યે ભક્તિ, અભિષેક, અષ્ટપ્રકારી પૂજાનું આયોજન થયેલ. આ વિશેષ ધર્મ આરાધનાનો ૨૨.૪૭ મિનીટનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/Z-gqgooAy9E ઉપર ક્લિક કરી ઘર બેઠા જોઈ માણી શકાશે.

સાહિત્ય સમ્રાટ રાજસ્થાન દક્ષિક દીપક, સૂરિમંત્ર પંચપ્રસ્થાન, આરાધક, ગુરૂગુણ સિંધુસૂરિ પટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં થતા દરેક કાર્યક્રમના વીડિયો ઘેર બેઠા મોબાઈલ પર જોવા માટે https://www.youtube.com/c/ShriKalaprabhsagarsurijiMS ચેનલને subscribe કરીને જુઓ. સંપર્ક : રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા પ્રકાશિત સંવત ૨૦૭૯ના પંચાગ બાબતે સૂચના

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા વિક્રમસંવત ૨૦૭૯નું પંચાગ પ્રકાશિત કરાયું છે. કચ્છ, મુંબઈ તથા દેશાવરના શ્રી સંઘો, મહાજનો, સંસ્થાઓ અને વ્યક્તિગત સૌને વિનંતી કરાઈ છે કે આપની જરૂરિયાત મુજબ પંચાગની નકલો બપોરે ૧૨ થી ૭ દરમ્યાન કાર્યાલય ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ બી કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯થી મેળવી સહયોગ કરવો.

કચ્છના શ્રી સંઘો મહાજનોને વિનંતી હાલ દિવાળી દરમ્યાન કચ્છ જતાં ગામાઈઓ સાથે કાર્યાલયથી પંચાગ મેળવી આપના ગામમાં પંચાગ પહોંચાડવા સહયોગ આપશો.

સંપર્ક : વિપુલ દેઢિયા-૭૦૨૦૪૨૫૮૩૫ તથા નારાયણ કાળે-૯૮૭૦૩૪૫૮૮૫


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


# અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે મહાપ્રીતિદાનનું વિવિધ સ્થળે આયોજન કરાયું






તા.૨૧ ઓક્ટોબર શુક્રવાર દિને થાણા જિલ્લાના ઉપનગર નાલાસોપારા નગરના વિવિધ સ્થળોએ અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ AYUP દ્વારા દિવાળી પર્વ નિમિત્તે ઘર ઘર દિવાળી હર ઘર દિવાળી 'અંતર્ગત' મહાપ્રીતિદાન ૨૦૨૨ની શુભ શરૂઆત કરાઈ. જેને લોકો દ્વારા બહોળો પ્રતિસાદ મળ્યો હતો. આ મહાપ્રીતિદાન પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પ્રેરણાથી શરૂ કરાયું છે.





# ચેમ્બુર સંઘમાં ત્રિહાન્હિકા મહોત્સવે ધર્મ આરાધનાઓ થઈ





ચેમ્બુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા.ના કાળધર્મ નિમિત્તે પ.પૂ.સાધ્વી શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ સહભાગ લઈ ધર્મલાભ ધન્યપણે લીધા હતા.

# નવી મુંબઈ સંઘ દ્વારા ધનતેરસ દિને શ્રી મહાલક્ષ્મી પૂજન દ્વારા ધર્મ આરાધના કરાઈ






શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ સેક્ટર ૧૪ વાશી આંગણે શનિવાર તા.૨૨ ઓક્ટોબર સવારે ૮.૩૦ કલાકે ધનતેરસના પવિત્ર તહેવાર પ્રસંગે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વાંચયામાશ્રીજી મ.સા.ની શુભકારી નિશ્રામાં વિધિકાર ચિરાગ સંગોઈ અને સાથી કલાકારો સંગાથે શ્રી મહાલક્ષ્મી મહાપૂજન કરી ધર્મ આરાધના ધર્મ ભક્તિ ભાવ સાથે કરાઈ.





# પશ્ચિમ એક આયોજિત યુવિકા કોન્કલેવમાં વિવિધ ક્ષેત્રની ગણમાન્ય કેડીઓ મહિલાઓ પોતાના ક્ષેત્રમાં મેળવેલ સિધ્ધિની વીડિયો દ્વારા માહિતી આપશે

શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ દ્વારા તા.૧ નવેમ્બર મંગળવારથી તા.૪ નવેમ્બર શુક્રવાર સુધી ચાર દિવસની યુવિકા કોન્કલેવનું આયોજન માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા કેડીઓ ભવન વડોદરા મધે કરાયું છે.

આ Yuvika conclove માં ૧૨ વર્ષથી ૩૦ વર્ષ સુધીની કેડીઓ કન્યા-પરણિત/અપરિણિત ભાગ લઈ, ધર્મ, જ્ઞાન, શિક્ષણ અને કારકિર્દી વિષેયક જ્ઞાન અને સમજણ પ્રાપ્ત કરશે.

આ યુવિકા કોન્કલેવમાં વિવિધ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરેલ કેડીઓ જ્ઞાતિની મહિલા પ્રતિભાઓ પોતાના ક્ષેત્રની ઉપયોગી માહિતી આપી પથદર્શક બની તેઓની કેરિયરના માટે માર્ગદર્શક બનશે. આ વિવિધ ક્ષેત્રોમાં મહેંદી આર્ટ, કાયદાકીય ક્ષેત્ર, કાં સેક્રેટરી, પોલિટિકલ કારકિર્દી, સ્પોર્ટસ, ચાર્ટડ એકાઉન્ટન્ટ બિઝનેસ, એકટિંગ, મોડલિંગ, ગ્લેમરક્ષેત્ર, કૂકીંગ, ટ્રાવેલ્સ, આર્ટસ વિગેરે ક્ષેત્રની પ્રતિભાવંત નારીઓ પોતાના અણમોલ વિચારો વીડિયો દ્વારા રજૂ કરશે.

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# ઉદાર હાથે સહાય કરો
## અને જ્ઞાતિસેવાનો લાભ લો

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મધ્યપ્રદેશના ખંડવા નગરે શ્રી લક્ષ્મી માતાજીનું પૂજન અદ્‌ભૂત ભક્તિભાવ સાથે થયું

મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગરે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થ ધામ ઉપાશ્રયમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં તા.૨૨ ઓક્ટોબર શનિવાર ધનતેરસના પવિત્ર પર્વ દિને શ્રી લક્ષ્મી માતાજીનું અદ્‌ભૂત ભાવ સાથે પૂજન કરાયું હતું.





## ફુલ ખીલે ગુલશન ગુલશન



**જાન્વિકા**

લોડાયા પરિવાર
માતા – સ્નેહલ
પિતા – સમીર
જન્મ – ૦૫-૧૦-૨૦૨૨



## કોઠારા સ્થાને શ્રી ચામુંડા માતાજીને નમતા મૈશેરી પરિવારના ભાવિકો જોગ

કોઠારા સ્થાને શ્રી ચામુંડા માતાજીની ધ્વજા સંવત ૨૦૭૯ કારતક સુદ ૧૪ને સોમવાર તા.૭ નવેમ્બર ૨૦૨૨ના સવારે ૯.૫૦ કલાકે શુભ ચોઘડિયે રહેશે. સૌ ભાવિકોએ સવારના ૯.૩૦ સુધી સ્થાન ઉપર હાજર રહેવું. રહેવાની વ્યવસ્થા ભાવિકોએ પોતાની રીતે કરવાની રહેશે.

ખાસ સૂચના : મંદિર પરિસરમાં અને પ્રસંગમાં કાળા વસ્ત્રો, ઘૂઘરીવાળા વસ્ત્રાભૂષણો, લેધરની વસ્તુઓ વગેરેની સખત પાબંદી છે.


## ભાવભીની શ્રદ્ધાંજલિ



**કવિતા દંડ**
તા.૧૯ સપ્ટે. (ઉ.૪૫)
પરજાઉ–અમદાવાદ



**ઉમરશી ધરમશી**
તા. ૧૯ ઓક્ટો. (ઉ.૭૬
જસાપુર–ડોંબિવલી



**ચંદ્રકાંત પોલડિઆ**
તા. ૧૯ ઓક્ટો. (ઉ.૮૧)
લુણી–ગોરેગામ (પ)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● માંડવીની શેઠ શૂરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અંગદાન મહાદાન વિશે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ દિલીપભાઈ દેશમુખ અંગદાન વિષે જાગૃતિ માટે પ્રાથમિક માહિતી આપી હતી. અંગદાન જીવંત રહીને પણ કરી શકાય છે એવમ અન્ય કોઈ શરીર પ્રતિકુળ પરિસ્થિતિમાં પણ કરી શકાય છે. તેવી માહિતી આપી હતી.

● અબડાસા તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ તલાટી મંત્રીઓની ૨૧ જગ્યા ખાલી હોતાં સ્થાનિક ગ્રામપંચાયતના રોજબરોજના લોકોના કામો અને સ્થાનિક વિકાસ કામોને માઠી અસર થઈ છે. તાલુકાના ભવાનીપર, બારા, છસરા, કેરવાંઢ, નારાણપર, વમોટી મોટી, બાંઢિયા, કુવાપધ્ધર, ઉસ્તિયા વિગેરે ગામોની તલાટીની પોસ્ટ ખાલી છે. સરેરાશ પ્રત્યેક તલાટીને ત્રણ ગામનો ચાર્જ અપાયો છે. જેના લીધે ઉપરોક્ત મુશ્કેલી થઈ છે.

● ઓરિસ્સા રાજ્યના બોઉધ જિલ્લાના કુરનાપલ્લી ગામના ૩૩ વર્ષીય જગત દન્ના ૧૨ વર્ષ પહેલાં ગુમ થયેલ. પરિવારજનો તેને શોધવા પાછળ ચાર લાખનો ખર્ચો કરી નાખ્યો પણ ભાળ ન મેળવી શક્યા. અનેક રાજ્યોથી ભટકતો માતાના મઢ સુધી પહોંચ્યો. માનવજ્યોતના સામાજિક કાર્યકરની સાથે ભેટો થતાં તેને પ્રબોધ મુનવરે રામદેવ સેવાશ્રમ પાલરા રાખી માનસિક આરોગ્યની સારવાર કરાવી સ્વસ્થ કર્યો અને પરિવારને જાણ કરી તેમને સોંપ્યો.

● અંદાજે ૪૮ વર્ષ પછી ભારતમાં દિલ્હીના ગ્રેટર નોઈડા ખાતે યોજાયેલા વર્લ્ડ ડેરી સંમેલનમાં વિશ્વના ડેરી તજજ્ઞોએ ભાગ લીધો. જેમાં કચ્છ જિલ્લા તરફથી અમુલ મિલ્ક ફેડરેશનના વાઈસ ચેરમેન અને કચ્છની સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે પ્રતિનિધિત્વ કર્યું હતું. સમિટમાં આગામી ૨૫ વર્ષનો દૂધ અને દૂધ ઉત્પાદન કૃત્રિમ દૂધનો બહિષ્કારની સાથે વધુ ટકાઉ પશુપાલનની કામગીરી કરી અને પશુપાલકોનું જીવન ધોરણ ઊંચુ લાવવા વિશે ચર્ચા કરાઈ હતી. વલમજીભાઈ હુંબલ દ્વારા દેશી બ્રીડનું મહત્વ જળવાઈ રહે તેમજ ગાય તેમજ ભેંસના દૂધ ઉપરાંત ઊંટડીના દૂધનું મહત્વ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

● દેશને પંચાયતી રાજની રાહ ચિંધનાર રાજ્યના માજી મુખ્ય મંત્રી સ્વ.બળવંતભાઈ મહેતાનું રાજ્યકક્ષાનું સ્મારક અબડાસા તાલુકાના સુથરી ગામ પાસે જંગલમાં આવેલું છે. દરવર્ષે ૧૯ સપ્ટેમ્બરના તેમની પુણ્યતિથિ ઉજવાય છે સુથરી પ્રાથમિક શાળાના બાળકો સાથે ગણ્યા ગાંઠ્યા લોકો જે એ દિવસે આવે છે. તે સિવાયના દિવસે ભાગ્યે જ કોઈ અહીં આવતું હોય છે. વર્ષ ૧૯૬૫માં દુશ્મન રાષ્ટ્રના હવાઈ હુમલામાં માર્યા ગયેલા સ્વ.બળવંતભાઈ, તેમની પત્ની સ્વ.સરોજબેન અને પાંચ જણના વિમાની સ્ટાફ સહિત સાત જણ શહીદી વહોરતાં પાછળથી અહીં રાજ્ય સરકારે રાજ્યકક્ષાનું શહીદ સ્મારક તો બનાવ્યું પણ તેની દેખભાળ કે રખેવાળી માટે કોઈ વ્યવસ્થા ન કરાતા સ્મારકની અવદશા થઈ રહી છે.

● જમ્મુ કાશ્મીરના લેહ લદાખના ૧૧,૫૦૦ ફૂટની ઊંચાઈએ ૨૧ કિ.મી.ની લાંબી અને કઠિન ૯મી લદાખ મેરેથોન દોડમાં નારણપર તાલુકો ભુજના અને અમદાવાદમાં રહેતા બે રમતવીર દેવેન રવજી ખેતાણી અને આકાશ વિનોદ વેકરિયાએ સ્પર્ધામાં ભાગ લઈને નિર્ધારીત સમય પહેલાં દોડ પૂર્ણ કરીને ચંદ્રક મેળવ્યા હતા. ડિપાર્ટમેટ ઓફ યૂથ એન્ડ સ્પોર્ટસ ઓફ લદાખના બેનર હેઠળ યોજાયેલી મેરેથોન દોડમાં દેશ વિદેશના છ હજાર જેટલા રમતવીરો ભાગ લીધો હતો. દેવેન ખેતાણી ૨.૪૬ કલાકમાં જ્યારે આકાશ વેકરિયાએ ૩.૧૦ કલાકમાં મેરેથોન પૂરી કરી હતી. બંન્ને દોડવીર ઘણા સમયથી અમદાવાદ ડિસ્ટન્સ રન નામની સ્પોર્ટસ સંસ્થા સાથે જોડાયેલા છે. દેવેન મેરેથોન દોડ સંપન્ન કર્યા પછી લદાખમાં ખારદુંગયા વિસ્તારમાં ૧૮,૫૦૦ની ઊંચાઈ પર બાઈક દ્વારા  સાહસ કરીને કઠિન યાત્રા પણ કરી હતી.

● કચ્છનું પાટનગર કલા સંસ્કૃતિનું મથક છે. ભુજના ટાઉન હોલમાં વર્ષોથી બહારના જાણીતા કે ઊભરતા ગાયક કલાકારોને આમંત્રી ફિલ્મી ગીતોનો જલસો યોજવાની પરંપરામાં આગળ ભણતું નામ એવા હરસુખભાઈ સોનીનું મિત્ર મંડળ તરફથી વિશેષ સન્માન કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે હરસુખભાઈ સોની અને પૂર્વી ફ્રેન્ડસ ક્લબના ઉપક્રમે જિંદગી પ્યાર કા ગીત હૈ સંગીત સંધ્યા યોજાઈ હતી.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે

# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને
વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)